# વિકાસને પ્રોત્સાહન આપવા અનેક જાહેરાતો : ચિદમ્બરમ્

નવી દિલ્હી,તા.૩

નાણામંત્રી પી ચિદમ્બરમે આજે જાહેરાત કરી હતી કે, વિકાસને પ્રોત્સાહન આપવા માટે ઘણી બધી જાહેરાતો હજુ પણ કરવામાં આવશે. જેમાં કસ્ટમ, એક્સાઈઝ, સર્વિસ ટેક્સ, ઈન્સ્યોરન્સ, બેંકીંગને આવરી લેતા મહત્વપૂર્ણ નિર્ણયોનો સમાવેશ થાય છે. નાણાં બિલ પસાર થાય તે પહેલા સંસદમાં આ પગલાઓની જાહેરાત કરવામાં આવશે. આજે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ચિદમ્બરમે કહ્યું હતું કે, ૨૮મી ફેબ્રુઆરીના દિવસે તેમના દ્વારા રજુ કરવામાં આવેલા બજેટમાં મુખ્ય રીતે વૈધાનિક બાબતો ઉપર મુખ્ય ધ્યાન આપવામાં આવ્યું હતું. આ નિર્ણયો પણ વિકાસને લગતા હતા. સરકાર હવે બિનવૈધાનિક નિર્ણયો ઉપર કામ કરી રહી છે. આગામી દિવસોમાં કસ્ટમ, એકસાઈઝ, સર્વિસ ટેકસ, ઈન્સ્યોરન્સ અને બેંકીંગ સાથે સંબંધિત મામલાઓમાં મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, ફાઈનાન્સ બિલ અથવા તો નાણા બિલ ઉપર સંસદમાં ચર્ચા દરમિયાન જવાબ વેળા ઘણી નવી જાહેરાતો કરવામાં આવશે. બજેટ બાદ વિસ્તૃત મુલાકાતમાં ચિદમ્બરમે કહ્યું હતું કે, વિકાસને પ્રોત્સાહન આપવાના અનુસંધાનમાં બજેટમાં તેમના દ્વારા જે જાહેરાતો કરવામાં આવી તેનાથી તે સંતુષ્ટ છે. વિરોધ પક્ષ ચોક્કસ પણે



નારાજ છે. પરંતુ વિપક્ષની ભુમિકા હમેશા ટિકા કરવાવાળી રહે છે. હાલમાં અને મે ૨૦૧૪મા યોજાનારી ચુંટણી વચ્ચે કોઈ લોકપ્રિય પગલા લેવામાં આવશે કે કેમ તે અંગે પુછવામાં આવતા ચિદમ્બરમે કહ્યું હતું કે, સરકાર માત્ર પાંચ બજેટ રજુ કરી શકે છે. યુપીએ પાંચમું બજેટ રજુ કરી ચુકી છે. આગામી ફેબ્રુઆરીમાં વોટ ઓન એકાઉન્ટ હોઈ શકે છે. ત્યારબાદ ચુંટણી આવી જશે. એક કલાક લાંબી મુલાકાતમાં ચિદમ્બરમે શ્રેણીબદ્ધ વિષયોને આવરી લેતા મુદ્દાઓ પર જવાબ આપ્યા હતા. જેમાં કરચોરીને રોકવા માટે સુપર રિચ લોકો ઉપર ટેક્સ, કાળા નાણાને પરત લાવવા માટેના પગલાંનો સમાવેશ થાય છે. કરચોરો માટે કોઈ માફીની યોજના હોવાનો તેમણે ઈન્કાર કર્યો હતો. અર્થતંત્ર સામે પડકાર રહેલા છે તેના કારણે બજેટ રજુ કરતાં પહેલાં જ તેમના હાથ બંધાયા હતા કે કેમ તે અંગે પુછવામાં તેમણે કહ્યું કે, હાથ બંધાયેલા ન હતાં પરંતુ આર્થિક નિયંત્રણો ચોક્કસપણે છે. પ્લાન્ટ અને મશીનરીમાં ૧૦૦ કરોડ રૂપિયાનું મુડીરોકાણ કરવા ટેક્સ છુટછાટો મેન્યુફેક્ચરીંગને પ્રોત્સાહન આપશે. મેન્યુફેક્ચરીંગ એક માત્ર વિકલ્પ છે જેનાથી આર્થિક વિકાસમાં તેજી લાવી શકાય છે. નિકાસથી વિદેશી હુંડીયામણ વધુ પ્રમાણાં આવી શકે છે. આયાતને ઘટાડવાની જરૂર છે.

## ભાજપ ભ્રષ્ટાચાર સામે જંગ છેડશે

નવી દિલ્હી,તા.૩

ભાજપના વરિષ્ઠ નેતા અને ભુતપૂર્વ નાયબ વડાપ્રધાન એલકે



અડવાણીએ ભ્રષ્ટાચારની ફરિયાદ સામે જીરો ટોલરન્સની નીતિ અપનાવવા પક્ષ પ્રમુખ રાજનાથસિંહને અપીલ કરી હતી. સાથે-સાથે વર્ષ ૨૦૧૪ની ચુંટણીમાં સફળતાની ખાતરી કરવાં પક્ષના કાર્યકરોને કામમાં લાગી જવા અપીલ કરી હતી.

અડવાણીએ આજે ભાજપની બે દિવસીય રાષ્ટ્રીય પરિષદની બેઠકમાં જણાવ્યું હતું કે, ભ્રષ્ટાચાર સાથે બાંધછોડ કરી શકાય નહીં. તેમણે ઉમેર્યું હતું કે, દેશમાં પ્રવર્તમાન રાજકીય પરિસ્થિતિને જોતા ઘણા પડકાર રહ્યા છે. આગામી ચુંટણીઓમાં પક્ષને સફળતા અપાવવા કામમાં લાગી જવા અડવાણીએ કહ્યું હતું. વિધાનસભાની ચુંટણી પણ વર્ષ ૨૦૧૩માં સાત રાજ્યોમાં યોજાનાર છે.

આ ઉપરાંત ૨૦૧૪માં લોકસભાની ચુંટણી પણ યોજાનાર છે. આવા સમયમાં અડવાણીએ પક્ષના કાર્યકરોને કામમાં લાગી જવા અપીલ કરી હતી. બીજી બાજુ ભાજપની રાષ્ટ્રીય પરિષદની બેઠકમાં નરેન્દ્ર મોદીના નિવેદનથી ફરી એકવાર રાજકીય ગરમી વધી ગઈ છે. અડવાણીએ આ સંબંધમાં કોઈ પ્રતિક્રિયા આપી નથી. પરંતુ કોંગ્રેસના ઘણા ટોચના નેતાઓ મેદાનમાં આવી ગયા છે અને આક્ષેપબાજીમાં ઉતરી ગયા છે.

## ભારતની પ્રથમ મહિલા બેંક સામે ઘણા એચઆર પડકારો

નવી દિલ્હી,તા. ૩

કેન્દ્રીય નાણાંમંત્રી પી. ચિદમ્બરમ્ ૨૮મી ફેબ્રુઆરીના દિવસે બજેટ રજૂ કરતી વેળા દેશની પ્રથમ મહિલા બેંક સ્થાપિત કરવાની જાહેરાત કરી હતી પરંતુ જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે મહિલા પીએસયુ બેંક આડે ઘણા એચઆર પડકારો રહેશે. નિષ્ણાંતોનો મત છે કે શરૂઆતમાં આઠથી દસ મહિના સુધી બેંકને ચલાવવાની બાબત સૌથી મુશ્કેલરૂપ રહેશે. કારણ કે આટલા ટૂંકાગાળામાં કુશળ મહિલાઓની ભરતી અને અન્ય તમામ બાબતો જાણવાની બાબત ખૂબ જ મુશ્કેલરૂપ રહી શકે છે. સંપૂર્ણપણે મહિલાલક્ષી આ બેંકમાં તમામ કર્મચારીઓ મહિલાઓ જ રહેશે. મહિલાઓને તમામ સુવિધા આપનાર છે. બજેટ ભાષણમાં ચિદમ્બરમ્ કહ્યું હતું કે આ બેંક મોટાભાગે મહિલાઓને જ લોન આપશે અને મહિલા બિઝનેસને ટેકો આપશે. બિઝનેસ શરૂ કરવા ઈચ્છુક મહિલાઓને લોન આપશે. મહિલાઓને આત્મનિર્ભર બનવાની તક આપશે. નાણાંકીય મામલે મહિલાઓ આગળ આવી શકશે પરંતુ મહિલાઓ માને છે કે બેંકને ઊભી કરવા અને આગામી આઠ મહિના સુધી ચલાવવાની બાબત સરળ નથી. ટેલેન્ટ ઉપલબ્ધ છે પરંતુ મહિલા બેંકમાં સામેલ કરવાની બાબત પડકારરૂપ હોઈ શકે છે. વૈશ્વિક માનવ સંશાધન સાથે જોડાયેલા મુંબઈ સ્થિત એચઆરનું કહેવું છે કે અવધી ખૂબ ઓછી છે. ખંડેલવાર કમીટિએ બેંકોની માનવ સંશાધન સ્થિતિમાં તપાસ કરવા ઘણા સૂચન કર્યા હતા. મેન પાવરની તકલીફ, બેંકોની અછત હાલમાં જોવા મળી રહી છે. આગામી થોડાક વર્ષમાં ૮૦ ટકા જનરલ મેનેજરો, ૬૫ ટકા ડેપ્યુટી જનરલ મેનેજરો, ૫૮ ટકા આસિસ્ટન જનરલ મેનેજરો અને ૪૪ ટકા ચીફ મેનેજરો નિવૃત્ત થનાર છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા માને છે કે ૨૦૧૦થી ૨૦૨૦ સુધીનો ગાળો રિટાયર્ડમેન ગાળો રહેશે. ઓક્ટોબર ૨૦૧૩ સુધી મહિલા બેંકને લાઈસન્સ મળી જશે.

## ટોયેટા ટાટાને પછડાટ આપી ચોથા નંબરની કંપની બની છે

નવી દિલ્હી,તા. ૩

ભારતમાં પેસેન્જર કાર કંપનીઓમાં ત્રીજુ સ્થાન ગુમાવી ગયાના મહિનાઓ બાદ ટાટા મોટર્સની હાલત હવે વધુ કફોડી થઈ ગઈ છે. ટાટા મોટર્સ હવે ગયા મહિનામાં જ ગબડીને પાંચમાં સ્થાને પહોંચી ગઈ છે. બીજી બાજુ ટોયેટાએ ફેબ્રુઆરી મહિનામાં કારના વેચાણના મામલામાં ચોથું સ્થાન મેળવી લેવામાં સફળતા મેળવી છે. ટોયેટા મોટર્સ કંપની દેશની ચૌથી સૌથી મોટી કાર બનાવતી કંપની બની ગઈ છે. ટાટા મોટર્સને દેશની જ કાર કંપની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ ગયા વર્ષે પછડાટ આપીને તેનાથી આગળ નીકળી જવામાં સફળતા મેળવી હતી. હવે ટોયેટાએ પણ ટાટાને પાછળ છોડી દેવામાં સફળતા મેળવી છે. ફેબ્રુઆરી મહિનામાં ટાટા મોટર્સની કારના વેચાણમાં ૭૦ ટકા સુધીનો ઘટાડો થયો છે. ટાટા દ્વારા ફેબ્રુઆરી મહિનામાં ૧૦૬૧૩ કારનું વેચાણ કરવામાં આવ્યું હતું જ્યારે ટોયેટા દ્વારા ૧૨૭૫૬ કારનું વેચાણ કરવામાં આવ્યું હતું. ટોયેટા સિંગલ મહિનામાં લીડ ધરાવે છે. ટાટા મોટર્સ તાજેતરના મહિનાઓમાં જ તેની પ્રતિષ્ઠાને મેળવવાના પ્રયાસમાં છે. ટાટા મોટર્સના વેચાણમાં એપ્રીલ ૨૦૧૨થી જાન્યુઆરી ૨૦૧૩ સુધી પાંચ ટકાનો ઘટાડો થયો છે. સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટો મોબાઈલ મેન્યુફેક્ચર્સ દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં આ મુજબની બાબતનો ખુલાસો કરવામાં આવ્યો છે. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, રિનોલ્ટ, ટોયેટા જેવી કાર કંપની તરફથી સ્પર્ધાના કારણે ટાટાને મુશ્કેલી નડી છે.

જો કે ટાટા દ્વારા આક્રામક યોજના બનાવવામાં આવી છે. જ્યારે માર્કેટમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ ટાટાને પછડાટ આપી ત્યારે રતન તાતાએ નાખુશી વ્યક્ત કરી હતી. અલબત્ત તેઓએ આનંદ મહિન્દ્રાના નેતૃત્વમાં કંપનીને આ સિદ્ધિ મેળવવા બદલ અભિનંદન આપ્યા હતા.

## કેન્દ્રીય મંત્રીના પ્રવાસ માટે ૨૭૦.૦૫ કરોડ ફાળવાયા

નવી દિલ્હી,તા.૩

૨૮મી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજુ કરવામાં આવ્યું હતું. જેમાં કેન્દ્રીય પ્રધાનોના પ્રવાસ ખર્ચ માટે સરકારે ૨૭૦.૦૫ કરોડ રૂપિયાની ફાળવણી કરી હોવાના હવે બહાર આવ્યું છે. જે છેલ્લાં નાણાકીય વર્ષમાં કરવામાં આવેલી ૨૬૯.૯૪ કરોડ રૂપિયાની ફાળવણી કરતાં થોડીક વધુ રકમ છે. સામાન્ય બજેટ ૨૦૧૩-૧૪માં વડાપ્રધાનની ઓફિસ માટે કરવામાં આવેલી ફાળવણીમાં પણ વધારો કરવામાં આવ્યો છે. આ ફાળવણી ૩૨.૨૨ કરોડ રૂપિયા કરવામાં આવી છે. જે ગયા વર્ષે ૩૧.૭૨ કરોડ રૂપિયા હતી. આવીજ રીતે કેબીનેટ પ્રધાનો, રાજ્ય પ્રધાનો, પૂર્વ વડાપ્રધાનો દ્વારા પ્રવાસ ઉપર ખર્ચ માટે ફાળવણી ૨૭૦.૦૫ કરોડ રૂપિયા કરી દેવામાં આવી છે. આમાં વીવીઆઈપી પ્રવાસ માટે ઉપયોગ કરવામાં આવતાં વિમાનોની જોગવાઈનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૧૨-૧૩માં કેન્દ્રીય પ્રધાનોના પ્રવાસ ખર્ચ માટે ૨૬૯.૯૪ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી. રસપ્રદ બાબત એ છે કે, કેન્દ્રીય પ્રધાનોના પ્રવાસ ખર્ચ માટે અંદાજ પત્રીય ફાળવણી છેલ્લા બે બજેટમાં નોંધપાત્ર રીતે અગાઉના વર્ષોની સરખામણીમાં ઘટાડવામાં આવી છે.

કેબીનેટ પ્રધાનો અને રાજ્યના પ્રધાનો માટે નવા નાણાકીય વર્ષમાં પગાર માટે ૫.૮૦ કરોડ રૂપિયા રાખવામાં આવ્યા છે. જે ૨૦૧૨-૧૩માં ૫.૨૯ કરોડ રૂપિયા હતા. બજેટમાં અન્ય ભત્થાઓ માટે ૧૧ કરોડ રૂપિયા રાખવામાં આવ્યા છે. કેબીનેટ સચિવાલયને અંદાજ પત્રીય ફાળવણીમાં કાપ મુકવામાં આવ્યો છે. ૨૦૧૨-૧૩માં આ રકમ ૫૧.૭૬ કરોડ રૂપિયા હતી જે ઘટીને ૨૦૧૩-૧૪માં ૫૦.૪૦ કરોડ રૂપિયા કરવામાં આવી છે. વડાપ્રધાન મનમોહનસિંહ, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી, ભૂતપુર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયી જેવા વીવીઆઈપીના રક્ષણ માટે સ્પેશિયલ પ્રોટેકશન ગ્રુપની ફાળવણીમાં ઘટાડો કરવામાં આવ્યો છે. આ ફાળવણી ૨૦૧૨-૧૩માં ૪૦૧.૧૩ કરોડ રૂપિયા હતી. જે ઘટાડીને નવા નાણાકીય વર્ષમાં ૩૮૬.૨૭ કરોડ રૂપિયા કરવામાં આવી છે.

## આરાધ્યા બચ્ચનના નામે કરોડોની સંપત્તિ ખરીદાઈ

નવી દિલ્હી, તા. ૩

અમિતાભ બચ્ચનની પૌત્રી ઐશ્વર્યા રાયની પુત્રી આરાધ્ય બચ્ચન જેને હજી નંબરોની ગણતરી પણ નથી આવડતી તે હવે કરોડોની માલિક બની ચૂકી છે. તાજેતરમાં જ આરાધ્યના માતાપિતાએ તેના નામે દુબઈમાં ૫૪ કરોડની સંપત્તિ ખરીદી છે. જાણવા મળે છે કે કેટલાક દિવસો પહેલાં અભિષેક બચ્ચન અને ઐશ્વર્યાએ આરાધ્યને એક બીએમડબલ્યુની ભેટ આપી હતી. હવે તેના નામે દુબઈમાં કરોડોની જમીન ખરીદી છે. આરાધ્યના જન્મને માત્ર એક જ વર્ષ થયું છે અને તે હવે કરોડોની માલિક બની ચૂકી છે. આ દિવસોમાં આરાધ્ય પોતાના દાદા પાસે ભોપાલ પહોંચી ગઈ છે એવું મનાય છે કે દાદાને પોતાની પૌત્રી સાથે વધુ સમય વિતાવવાની આદત પડી ગઈ છે. તે જ સમયે આરાધ્યના દાદાએ વિચાર્યું હતું કે, તે પણ તેમની સાથે હોત તો ખૂબ જ સારું હતું. અને એવું પણ છે કે આરાધ્ય એ પોતાની દાદીનું પિયર નથી જોયું. તો એ સારો મોકો હતો કે આરાધ્ય દાદાની પાસે શૂટીંગમાં પણ આનંદ માણે અને પોતાની દાદીનું પિયર પણ જોઈ લે.

## ફુડ સિક્યુરિટી સબસિડીમાં કાપ ન મુકવા સુચન કરાયું

નવી દિલ્હી,તા. ૩

આયોજન પંચના નાયબ અધ્યક્ષ મોન્ટેક સિંહ આહલુવાલિયાએ આજે કહ્યું હતું કે જો નાણાંકીય સ્થિતી સારી ન હોય તો ફુડ સિક્યુરિટી સબસિડીમાં કાપ મુકવાની કોઈ જરૂર નથી. ફુડ સિક્યુરિટી સબસિડીના બદલે અન્ય સબસિડીમાં કાપ મુકવાની વાત મોન્ટેક દ્વારા કરવામાં આવી છે. જો કે તેમણે કહ્યું હતું કે આ તેમનો પોતાનો મત છે. સરકારની નિતી નથી. બજેટ બાદ એક ચર્ચામાં ભાગ લેતા તેમણે કહ્યું હતું કે તેઓ કહેવા માંગે છે કે ફુડ સબસિડી મહત્વપૂર્ણ છે. ફુડ સિક્યુરિટી સબસિડીના બદલે અન્ય સબસિડીમાં કાપ મુકવાની જરૂર છે. જો કે આ તેમનો પોતાનો મત છે. તેમણે કહ્યું હતું કે કાતર સબસિડીમાં કાપ મુકી શકાય છે કારણ કે આના કારણે જમીનને પણ નુકસાન થઈ રહ્યું છે. રસાયણિક ખાતર જમીનના પોષખ તત્વોને નુકસાન કરે છે. પેટ્રોલની સબસિડીને સંપૂર્ણપણ દુર કરવાની વાત કરતાકેટલાક નિષ્ણાંતોમાં ચર્ચા જાગી છે. તેમણે આ મામલે દલીલ કરતા કહ્યું હતું કે પેટ્રોલનો ઉપયોગ સામાન્ય રીતે વધારે આવકવાળા લોકો દ્વારા કરવામાં આવે છે.

## હૈદરાબાદ ટેસ્ટમાં પુજારા અને મુરલી વિજયની સદી

હૈદરાબાદ,તા. ૩

હૈદરાબાદના રાજીવગાંધી અંતરરાષ્ટ્રીય સ્ટેડીયમ ખાતે રમાઈ રહેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની બીજી ક્રિકેટ ટેસ્ટ મેચના આજે બીજા દિવસે ભારતે આજે તેની સ્થિતિ અતિમજબુત બનાવી દીધી હતી. આજે દિવસ દરમિયાન ઓસ્ટ્રેલિયાના બોલરો ભારતના એક માત્ર બેટ્સમેન વિરેન્દ્ર સહેવાગની વિકેટ જ લઈ શક્યા હતા. દિવસ દરમિયાન ઓસ્ટ્રેલિયન બોલરોને વિકેટ લેવા માટે સંઘર્ષ કરવાની ફરજ પડી હતી. પ્રથમ વિકેટ ભારતે આજે ૧૭ રને ગુમાવી દીધી હતી. પરંતુ ત્યારબાદ મુરલી વિજય અને ચેતેશ્વર પુજારાએ રેકોર્ડ ભાગીદારી નોંધાવી હતી. પુજારા અને મુરલી વિજયે રેકોર્ડ ૨૯૪ રનની ભાગીદારી નોંધાવી હતી. બીજી વિકેટની ભાગીદારીનો આ પણ એક રેકોર્ડ છે. મુરલી વિજય પ્રમાણમાં વધુ ધીમો નજરે પડ્યો હતો. છતાં મુરલી વિજયે મક્કમતા પૂર્વક બેટીંગ કરી હતી. મુરલી વિજયે ૧૭ ચોગ્ગા અને બે છગ્ગા સાથે ૨૮૮ બોલમાં ૧૨૯ રન બનાવી નોટઆઉટ રહ્યો હતો. જ્યારે ચેતેશ્વર પુજારાએ પોતાની ઈનિંગ્સ દરમિયાન ૨૫ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી અણનમ ૧૬૨ રન બનાવ્યા હતા. ભારતે દિવસ દરમિયાન ૩૧૧ રન એક વિકેટ ગુમાવી બનાવ્યા હતા. ભારત હવે ઓસ્ટ્રેલિયા ઉપર ૭૪ રનની લીડ ધરાવે છે અને તેની નવ વિકેટ હાથમાં છે. તે જોતા આ ટેસ્ટ મેચમાં ભારતની જીત નિશ્ચિત દેખાઈ રહી છે. જો ભારત આવતીકાલે દિવસભર બેટીંગ કરીને જંગી લીડ મેળવશે તો ઓસ્ટ્રેલિયાને બે દિવસમાં આઉટ કરવામાં ભારતીય બોલરોને કોઈ તકલીફ નહીં પડે તેવી શક્યતા છે.

### શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

'ખિલખિલાટ' સંગ્રહમાં ટચુકડી એવી ૮૦ જેટલી શિશુ કથાઓ છે જેમાં પ્રસંગ કથાઓ અને શિખામણ કથાઓ આવી જાય છે. કથાઓની સાથે બાળકોને આકર્ષે તેવાં નાનકડાં પણ સુંદર સુરેખ રેખાચિત્રો પણ મોટા ભાગની દરેક વાર્તાની સાથે મુકવામાં આવ્યાં છે. જે વાંચવા માટે પ્રેરકબળ પુરૂં પાડે તેવાં છે. વળી તેનાં શિર્ષકો પણ ખુબ આકર્ષક એ ગમી જાય તેવાં છે. જેમ કે, સોનપરી, બુધ્ધિશાલી વાંદરી, મારી વ્હાલી બિલ્લી રાણી, ચાંદામામા, બાળવાટિકા, ખિસકોલીની ચતુરાઇ, ડાહ્યું સસલું, ચતુર ગલુડીયું, વૃક્ષ દેવતા, ચંચળ ચંદ્રિકા વિગેરે ગણાવી શકાય.

'ખિલખિલાટ' સંગ્રહમાં લેખકનો પરિચય 'પરોક્ષ ઓળખાણ પ્રત્યક્ષ જેવી થઇ ગઇ' એમ લખીને ડો. મોહનભાઇ પંચાલે આપ્યો છે. લેખકે આ સંગ્રહ વરિષ્ઠ બાળસાહિત્યકાર ગિજુભાઇ બધેકા ઉપરાંત મોરારિબાપુ, માનભાઇ ભટ્ટ, શંભભાઇ યોગી અને કૈલાસબેન પટેલ જેવા મહાનુભઆવોને અર્પણ કર્યો છે. પરી ગુંજન આહલપરાની આવરણ તસ્વીરથી શોભતું 'ખિલખિલાટ' પુસ્તક ગમી જાય તેવું છે.

'ખિલખિલાટ' ના લેખક નટવર આહલપરા વિવેકશીલ, વ્યવહારૂં, સત્યપ્રિય અને ઋજુ હૃદયતા માણસ છે. પુસ્તકનાં પાનં.૧૧ પર તેમનો વિસ્તૃત પરિચય મળે છે. જેમાં તેમનું પ્રદાન, હોદ્દો, પારિતોષિક, કટાર લેખન, સન્માન અને પ્રકાશન થયેલા પુસ્તકો તેમજ હવે પછી પ્રગટ થનારાં પુસ્તકો અને પુસ્તકના પ્રકાશક વિજય ભાવસારે પરિચય આપ્યો છે. લેખકના આ પુસ્તકને ખિલખિલાટ સાથે આપણે સૌ આવકારીએ.

ખિલખિલાટ : (શિશુ કથાઓ)
લેખક : નટવર આહલપરા
પ્રકાશક : અવનિકા પ્રકાશન,
૪૧૯/એ, સર્વોદય કોમર્શિયલ સેન્ટર, ચોથામાળે, જી.પી.ઓ. પાસે, અમદાવાદ-૧
પૃષ્ઠ : ૯૬, કિંમત : રૂા. ૬૦/-, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨

## ઈન્ડિગો દ્વારા ૪૬૬૧ કરોડ રૂપિયાની લોનની માંગ થઈ

નવી દિલ્હી,તા. ૩

લો કોસ્ટ એરલાઈન્સ ઈન્ડીગોએ નવા વિમાનોની ખરીદી માટે ૮૪૯ મિલિયન ડૉલર અથવા તો ૪૬૬૧ કરોડ રૂપિયાની લોનની મંજૂરી આપવા આરબીઆઈને વિનંતી કરી છે. લો કોસ્ટ એરલાઈન્સ ઈન્ડીગો આવનાર દિવસોમાં વધુ વિમાન ખરીદશે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

આરબીઆઈને લખવામાં આવેલા પત્રમાં ઈન્ડીગોએ વિદેશી વાણિજ્ય ધિરાણ મારફતે ફંડ એકત્રિત કરવા મંજૂરી આપવા માટે અપિલ કરી છે.



આરબીઆઈની વેબસાઈટમાં જણાવવામાં આવ્યું છે કે આ લોનનો ઉપયોગ વિમાનોની ખરીદી માટે કરવામાં આવશે. કેપીટલ ગુડ્સ ખૂબ જ મહત્વપૂર્ણ છે. ૧૪ વર્ષની અવધી માટે આ નાણાં એકત્રિત કરવામાં આવી શકે છે.

જો કે ઈમેઈલ મારફતે મેળવવામાં આવેલી મંજૂરી અંગે ઈન્ડિગોને કોઈ જવાબ મળ્યો નથી. ઈન્ડિગો ૩૮ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય રૂટ ઉપર ૬૪ સિંગલ ક્લાસ એર બસ એ ૩૨૦ વિમાનો ઓપરેટ કરે છે. આ એરલાઈને ૧૫૦ એ ૩૨૦ નિયો સહિત ૨૮૦ એર બસ એ ૩૨૦નો ઓર્ડર આપેલો છે. આ વિમાનો ૨૦૨૪ સુધી મળે તેવી શક્યતા છે. બે જુદી જુદી સોદાબાજી મારફતે ઓર્ડર આપવામાં આવ્યો છે. આ સોદાબાજી ૨૧ અબજ ડૉલરનું હોવાનું જાણવા મળ્યું છે. ઈન્ડસ્ટ્રી સૂત્રોનું જણાવ્યા મુજબ ચાર વિમાનો સિવાય તેના વિમાનોની સંખ્યા વધી રહી છે. ઈન્ડિગો દ્વારા ૨૮૦ વિમાનોનો ઓર્ડર આપવામાં આવ્યો છે. ૨૦૦૬માં તેની શરૂઆત થયા બાદથી ઈન્ડિગોની સેવા દેશમાં જાણીતી બની છે અને તેની સેવાના કારણે લોકો તેની તરફ આકર્ષિત થયા છે. લો કોસ્ટના મામલામાં તે બજારમાં વર્ચસ્વ જમાવવામાં સફળ રહી છે. તીવ્ર સ્પર્ધા વચ્ચે એકબાજુ વિજય માલ્યાની કિંગફિશર એર લાઈન્સનું ઓપરેશન બંધ થઈ ગયું છે. બીજી બાજુ એર ઈન્ડિયાની હાલત પણ નાણાંકીય રીતે ખરાબ છે આવી સ્થિતિમાં ઈન્ડિગોને મોટી રાહત થઈ છે.

### શ્રુતિ બંધનમ્ (પાના નં. ૪ નું ચાલુ)

હે ઇશ્વર!
તારી મરજી મુજબની દુનિયામાં,
તારી જ ઇચ્છાએ
તારી રચેલી સૃષ્ટિમાં હું અવતર્યો.
હું અવતર્યો એમ નહીં.
તે મને અને અવતાર્યો...!
તારા ખેલ તો ખૂબ નિરાળા છે;
તું કરાવે તે કરૂં.
તું જીવાડે તેમ જ જીવું.
તારા કામનો જ, તારી મરજીનો જ નિમિત્ત બનવા ચાહું.

ભગવાન આગળ ફરિયાદ કરવાનો અધિકાર મેળવવો હોય તો તેની આગળ નિખાલસ થઇ રહેવાનો અભરખો રાખવો પડે. તેની આગળ આંસુ સારવાની ક્ષમતા આપણી સફળતાઓનાં પંથ નક્કી કરે છે. તારી બનાવેલી દુનિયામાં તારા જ બનાવેલા મનુષ્યોની સાથે હાથમાં હાથ પરોવી કામ કરવાની ક્ષમતા બક્ષવાની પ્રાર્થના. ઉન્નત મસ્તકે બેસવાની વાતમાં ખરેખરી મજા છે. ઇશ્વર દ્વારા મોકલાતા સંદેશાઓની આનંદ કરવાની વાત એટલે જ જિંદગી. જિંદગીમાં અખૂટ ખૂશીઓ કુદરતે ભરી છે તેના ઉપર કદાચ આપણી અણ સમજણનું આવરણ આવી ગયું છે. પ્લીઝ પ્રભુ એ આવરણ હટાવીને અમને આનંદ સાગરમાં સહેલગાહ કરાવ...!

**સ્વીટ રેઇન :**
કુદરતની કૃપાનો સ્પર્શ કેવો હોય?
વરસતા વરસાદમાં ભીંજાવા જેવો,
અન્યને મદદ કર્યા પછી ફૂટતી આનંદ ક્ષણ જેવો.
અને
ગમતી વ્યક્તિ મળી જાય તે વેળાની આપણી સ્થિતિ જેવો...!
પ્રભુ! તારો આભાર!
મને સારૂં લખાવે છે, બોલાવે છે...!

સ્વતઃ

## સમાચાર ઝલક

- ગાઝિયાબાદમાં બળાત્કાર પીડિત યુવતીએ રાજકીય સમારંભમાં હંગામો કર્યો.
- મોડાસાના જેબુસર ગામે ૧૦ વ્યક્તિઓ સામે એટ્રોસીટીની ફરિયાદ નોંધાઇ.
- વિસનગરમાં વેપારીના ખાતામાંથી જાણ બહાર હજારોની રકમની બે ઇસમોએ ઉંઠાતરી કરી.
- નરોડા-દહેગામ રસ્તા નજીક વૃંદાવન એપાર્ટમેન્ટમાં આગ લાગી.
- જામનગર રાજમહેલમાં ચોરી કરનાર પહેરેદારનો ભાઇ જ પકડાયો.
- અમદાવાદમાં ડ્રાઇવ સ્ટંટ કરતાં બે યુવાનોની ધરપકડ કરાઇ.
- ભાવનગર જિલ્લામાં ૫૦ લાખની સોપારી સાથે ડ્રાઇવરની ધરપકડ.
- દિલ્હીના મંગલપુરી બળાત્કાર બનાવમાં દિલ્હીવાસીઓ લાલઘૂમ બન્યા.
- અમેરિકામાં બે લાખ નોકરીની છટણી કરાઇ.
- અલકાયદાના હીટ લીસ્ટમાં સાહિત્યકાર સલમાન રશ્દી.
- સુરતના ડુમ્મસ દરિયા કિનારે મૃત હાલતમાં ડોલ્ફીન મળી આવી.
- ડીઝલ, પેટ્રોલ, એસ.ટી, રેલ્વેના ભાડા વધારાથી જનતા ત્રાહિમામ પોકારી રહી છે.
- ઉત્તરપ્રદેશમાં ગુંડાગીરી રાજ, પોલીસ અધિકારીઓની હત્યા થાય છે.
- વડોદરામાં બાળકીની સારવારમાં તબીબે બેદરકારી રાખી હોવાથી રૂપિયા ૬ લાખનો ગ્રાહક સુરક્ષા અદાલતે દંડ ફટકાર્યો.
- બાવળા નજીક કાછરીયા ગામે ૨૦ શ્વાનો ઝેરથી મોતને શરણે ગયા.